
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ટીચર તમે ખોટું ભણાવો છો, સોશ્યલ મિડીયામાં સો જગ્યાએ મે જાતે વાંચ્યું કે નથુરામ ગોડસે દેશભક્ત હતો...!!

# ચિલોડા ખાતે પાણી વેચતા ફેરીયાએ લકઝરી બસના ડ્રાઈવરને માર માર્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ચાર રસ્તા ખાતે ગત રાત્રીના સુમારે એક લકઝરી બસના ડ્રાઈવરે પાણી વેચવા માટે લકઝરીમાં ગયો હતો. તેને પાણી વેચવા માટે ના પાડી હતી.જેને પગલે ગુસ્સે ભરાયેલા ફેરીયાએ પોતાના અન્ય સાથી મિત્રોને બોલાવી લકઝરી બસના ડ્રાઈવરને માર માર્યો હતો. બનાવ અંગે લકઝરી બસના ડ્રાઈવરે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

અમદાવાદના મેઘાણીનગરમાં રહેતા જશવંત સિંહ શીવકુમાર ભાટી નામનો યુવક અમદાવાદથી જયપુર ખાનગી બસ માં ડ્રાઈવીંગ કરે છે. ગત્ રાત્રીના સુમારે નીકળેલી લકઝરી રાત્રીના ૧૨ વાગે ચિલોડા સર્કલે ઉભી રહી હતી તે સમયે છુટક પાણી વેચતો ફેરયો બસમાં ચઢવા ગયો હતો. ડ્રાઈવરે બસમાં પાણી વેચવા માટે ના પાડતા ફેરીયો ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલતો હતો. ફેરીયાએ અન્ય સાથીઓને ફોન કરતા તુરંત આવી ગયા હતા અને ડ્રાઈવર સાથે ઝપાઝપી અને મારામારી કરી હતી. આ રૂટ પર ફરીવાર આવીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ડ્રાઈવરે ૧૦૦ નંબર પર પોલીસને જાણ કરી દેતા મોબાઈલ વાન આવી જતા ચારેય શખ્સોને નામ પુછતા ચિલોડા ખાતે જ રહેતા અનિલ શૈલેષભાઈ દેવીપુજક, અશોક રાજુભાઈ કાગસીયા, અમિત નવઘણભાઈ દંતાણી અને આલમપુરમાં રહેતો નયન ભીખાભાઈ રાઠોડ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે લકઝરી બસના ચાલકની ફરીયાદને લઈને ચારેય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જિલ્લામાં બે ગામમાં મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાંથી મેલેરિયા નાબુદી માટે બે ગામોમાં સ્પ્રે ની કામગીરી આજથી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ બે ગામોમાં મેલેરિયાના કેસોની સંખ્યાનું પ્રમાણ ગામની વસ્તીના પ્રમાણમાં વધુ જણાયુ હતુ.

કલોલ તાલુકાના નાસ્મેદ અને માણસા તાલુકાના રાયપુરા ગામની આ સ્પ્રે માટે પસંદગી કરવામાં આવી છે. આ ત્રણ દિવસ સુધી આ સ્પ્રે ની કામગીરી ચાલશે.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આ વર્ષે પણ મેલેરિયા વિરોધી એન્ટી લારવેલની કામગીરી પણ સઘન બનાવવામાં આવનાર છે. આ માટેનું આયોજન હાલ આખરી તબક્કામાં છે. તંત્ર દ્વારા મેલેરિયા વિરોધી માસની ઉજવણી પણ કરવામાં આવી રહી છે અને આ માટે વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જન-જાગૃતિ અભિયાન પણ ચાલી રહ્યું છે.

# ચિલોડામાં જોગણી માતાજીના ફોટાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી યોજાઈ

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ટીંબાવાળાવાસ સ્થિત જોગણી માતાજીના મંદિરમાં માતાજીના ફોટોની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભુવાજીનું સામૈયુ, માતાજીની ભવ્ય શોભાયાત્રા, નવચંડીયજ્ઞ, માતાજીની પધરામણી, શ્રીફળ હોમવા તથા સહિત મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાત્રે જાતર તથા રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય પાટના યજમાનપદે અને માતાજીની પ્રસાદીના દાતા બળદેવજી સેંધાજી ઠાકોર તેમજ અન્ય માઈભક્તોએ ધાર્મિક પ્રસંગરૂપે સામગ્રીરૂપે તથા રોકડરૂપે દાન આપી ધન્યતા અનુભવી હતી.



આ મહોત્સવમાં માઈભક્તોએ મોટી સંખ્યામાં દર્શન અને પૂજાનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. આ મહોત્સવમાં ગ્રામજનો તેમજ આસપાસના ગામના માઈભક્તો સહિત મોટી સંખ્યામાં અનેક લોકો ઉપસ્થિત રહીને ધાર્મિક કાર્યક્રમનો ઉત્સાહ અને શ્રદ્ધાથી લાભ લીધો હતો.

# ચિલોડા ખાતે આદર્શ પરિવારમાં સિનિયર સીટીઝનના અભિગમ અંગે સંમેલન યોજાયું

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય-જગદંબા ભુવન ખાતે ચિલોડા સિનિયન સીટીઝન કલબ આયોજિત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં આદર્શ પરિવારમાં સિનિયર સીટીજનનો અભિગમ કેવો હોવો જોઈએ તેના વિશે સંમેલનના વક્તા મનહરભાઈ પટેલે પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરી સુંદર શૈલીમાં વડીલોને સંબોધન કર્યુ હતુ. રાજયોગીની તારાદીદીએ સિનિયર સીટીઝનોને સંબોધતા જણાવ્યું કે આદર્શ પરિવારના ઘડતરમાં માનવમૂલ્યો આધ્યાત્મિકતા ધારણ કરી જીવનમાં મધુરતા ધૈર્યતા હર્ષિતમુખતા અપનાવી કર્મ, ધર્મ, નૈતિકતારૂપી વ્યવહારમાં માનવ સંબંધોમાં પરિવર્તન કરી પુષ્પરૂપી સુગંધ ફેલાવી મન-તન-રૂપી મંદિરનું રૂપ બને તેમજ પરિવારરૂપી ઘર મંદિર બને એજ આદર્શ પરિવારનું મુખ્ય ધ્યેય હોઈ શકે. દરેક ગૃહસ્થાશ્રમ-સંન્યાસશ્રમ અનુભવનો પાયો છે. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ, જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવીની ઉક્તિને ચરિતાર્થ કરવા વડીલોના આશીર્વાદ અને ભાવના જીવનરૂપી માત્રા હવે શુભ નીવડે તેવી સૌને આશીર્વચનો પાઠવ્યા હતા.





કાર્યક્રમના મુખ્ય વક્તા મનહરભાઈ પટેલે વડીલોને જીવનમંત્રના વાતોરૂપી જ્ઞાન પીરસી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સંમેલનના મુખ્ય આયોજન ગામના અગ્રણી મહિલા સુધાબેન પટેલ અગ્રણી અને એ.પી.એમ.સી.ના ચેરમેન એડવોકેટ અશોકભાઈ પટેલ તથા ૧૫૦થી વધુ ગામના સીનીયર સીટીઝનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમના મુખ્ય યજમાન તરીકે રણછોડભાઈ જીવાભાઈ પટેલ, મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલના સ્વ. પિતાશ્રી જીવાભાઈ રામદાસની પુણ્યતિથિની ભાવભરી શ્રદ્ધાંજલિરૂપે ઉજવણી કરવામાં આવી હતી.

# ગાંધીનગર એસઓજીએ નાસતા ફરતા ત્રણ આરોપીને પકડી પાડ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર એસઓજી પોલીસે પ્રોહિબિશનના ગુનામાં જુદાજુદા કેસમાં નાસતા ફરતા ત્રણ આરોપીને દબોચી લીધા છે. જેમાં ડભોડા, ચિલોડા અને કઠલાલ પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા કુલ-૩ આરોપીઓમાં બે રાજસ્થાન અને એક દહેગામ ખાતેથી પકડી પાડ્યો છે. એસઓજી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કામ કરતી ટીમના સજ્જાદ હુસેનની બાતમીના આધારે કઠલાલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો આરોપી મહોબતજી ઉર્ફે ટીનાજી મોહનજી સોલંકી ઝડપાયો હતો. દહેગામના હીલોલ ગામે પીપડી વાળા વાસમાં રહેતા આરોપી ગામની ભાગોળથી પકડી લઈને દહેગામ પોલીસને સોંપ્યો હતો. જયારે ટીમના સભ્ય જયદીપસિંહને બાતમી મળી હતી કે ડભોડા પોલીસ મથકમાં પ્રોહિબીશનના ગુનામાં ફરાર આરોપીને અંગે બાતમી મળી હતી કે આરોપી અવધેશ હાજરામ કોદરા કલાસવા (રહે. વડાપાલ, ડુંગરપુર રાજસ્થાન )પોતાના ઘરે હોવાની બાતમી મળતા ૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાનથી પકડી પાડીને ડભોડા પોલીસને સોંપી દેવામાં આવ્યો છે. જયારે હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહને બાતમી મળી હતી કે ચિલોડા પોલીસ મથકના વર્ષ ૨૦૧૨ માં નોંધાયેલા પ્રોહીના ગુનામાં આરોપી રાજસ્થાનમાં છુપાયો છે. જેના આધારે આરોપી પુષ્પેન્દ્રસિંહ ઉમેદસિંહ ઝાલાને ( રહે. આદર્શનગર, ડુંગરપુર રાજસ્થાન) તેના ઘરેથી ઝડપી પાડી લેવાયો હતો. જેને ગાંધીનગર લાવીને ચિલોડા પોલીસ મથક ખાતે સોંપવામાં આવ્યો હતો.



ચટાકેદાર અથાણું : ગુજરાતી થાળીનું અવિભાજ્ય અંગ બની રહેલું સ્વાદિષ્ટ અથાણાની સિઝન આરંભાઈ ચૂકી છે. શહેરમાં અથાણાની કેરીના આગમનના પગલે શાકમાર્કેટમાં ગૃહિણીઓ કાચી કેરી ખરીદવા ઉમટી છે.

# મગોડીના યુવાને ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના મગોડીના યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લાના મગોડીનો યુવાન રાહુલ સુરેશભાઈ ગુજ્જર (પ્રજાપતિ) ઉંમર વર્ષ-૨૮ કે જે કોઈ અગમ્ય કારણસર પ્રાંતિજના ઘડકણ ખાતે આવેલ ખેતરમાં તારીખ ૧૫-૫-૨૦૧૯ને બુધવારના રોજ ખેતરમાં જઈને ઝેરી દવા પી લેતા યુવાનને સારવાર અર્થે ગાંધીનગર ખાતે આવેલ હાઈટેક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં રાહુલ સુરેશભાઈ ગુજ્જરનુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. હોસ્પિટલમાં હાજર તબીબી ડૉકટર જય કોઠારી દ્વારા આઅંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કરતા પોલીસે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો અમાન્ય

ગાંધીનગર, તા. ૧૬

રાજયની રાય, પારૂલ, આર.કે. તથા અન્ય ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો માન્ય ન હોઈ, તેમાં પ્રવેશ નહીં લેવા વિદ્યાર્થીઓ અને વાલીઓને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કાઉન્સિલ દ્વારા સલાહ આપવામાં આવી છે એમ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં આવેલી રાય, પારુલ, આર.કે તથા અન્ય ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા બી.એસસી(એગ્રી), બી.ટેક (એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ), બી.એસસી (હોર્ટી) અને કૃષિ ઈજનેરી (ડીપ્લોમા) જેવા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો શરૂ કરેલા છે. આ અભ્યાસક્રમો ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૪ ની કલમ નં.૪(૪)ની વિરુદ્ધ હોઈ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬ની અસરથી આ યુનિવર્સિટીઓને અભ્યાસક્રમો બંધ કરવા જણાવવામાં આવ્યુ હતુ. આ સંદર્ભે વર્ષ ૨૦૧૬થી સંબંધિત ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા હાઈકોર્ટમાં એસસીએ/ એલપીએ તેમજ સુપ્રીમ કોર્ટમાં વર્ષ ૨૦૧૮માં સ્પેશિયલ લીવ પિટિશનો દાખલ કરી દાદ માંગવામાં આવી હતી. આ બાબતમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદાઓ આપવામાં આવ્યા છે. જે મુજબ ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમોમાં આઈ.સી.એ.આર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા ધારાધોરણોનો અમલ કરવામાં આવેલ ન હોઈ અને રાજ્ય સરકારની મંજૂરી મેળવવામાં આવેલ ન હોઈ, આ અભ્યાસક્રમોને અમાન્ય ઠરાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉક્ત કારણોસર રાજ્યની રાય, પારુલ, આર.કે. તથા અન્ય ખાનગી યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો માન્ય ન હોવાથી તેમાં પ્રવેશ નહીં લેવા વિદ્યાર્થીઓ અને વાલીઓને રાજ્ય કૃષિ યુનિવર્સિટીની કાઉન્સીલ દ્વારા સલાહ આપવામાં આવે છે.

# સતત બીજા વર્ષે ગુજરાતમાં મોનસુન નિરાશ કરી શકે છે

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં પાણીની તીવ્ર અછત પહેલાથી જ પ્રવર્તી રહી છે ત્યારે ભારતીય હવામાન વિભાગ દ્વારા મોનસુનને લઈને કરવામાં આવેલી આગાહીથી ચિંતા વધી ગઈ છે. ભારતીય હવામાન વિભાગનું કહેવું છે કે, આ વર્ષે નોર્મલ મોનસુન વરસાદ રહેશે નહીં.

વરસાદ પ્રમાણમાં ઓછો રહેશે. નિયર નોર્મલ માટેની આઈએમડીની આગાહીથી ચિંતા વધી ગઈ છે. મોનસુનમાં એક સપ્તાહનો વિલંબ પણ દર્શાવવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં મોનસુન ફરી એકવાર નિરાશ કરશે કે કેમ તેને લઈને ચિંતા શરૂ થઈ ગઈ છે. ગયા વર્ષે ગુજરાતમાં નોર્મલ વરસાદ કરતા ઓછો વરસાદ થયો હતો જેથી દરેકના મનમાં આ પ્રશ્ન ફરી આવી રહ્યો છે કે, નિયર નોર્મલનો અર્થ ઓછો વરસાદ સાથે રહી શકે છે. આઈએમડીએ કહ્યું છે કે, ભારતમાં વરસાદ એલપીએના ૯૬ ટકાની આસપાસ રહી શકે છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન છઠ્ઠી જૂનના દિવસે કેરળના દરિયાકાંઠે પહોંચી શકે છે. ત્યારબાદ ગુજરાત તરફ આગળ વધશે. આઈએમડી ગુજરાતના ટોચના અધિકારીઓનું કહેવું છે કે, કેરળમાં મોનસુન બેસી જવા માટેની તારીખ પહેલી જૂન દર્શાવવામાં આવી છે જેથી ગુજરાતમાં પહોંચવામાં એક સપ્તાહથી વધુનો વિલંબ થઈ શકે છે. ગુજરાતમાં વરસાદને લઈને પહેલાથી જ ચર્ચા થઈ રહી છે.

રાજ્ય સરકારે ગુજરાતમાં ૧૧ જિલ્લાઓના ૯૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કર્યા છે. તીવ્ર પાણીની તંગીનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ખેડૂત સમુદાય મોનસુન બેસી જવા અને વરસાદના પ્રમાણને લઈને ચિંતાતુર દેખાઈ રહ્યા છે. ખાસ કરીને સરોવરોમાં પણ પાણી ઓછું રહ્યું છે. આવી સ્થિતિ મોનસુનની સ્થિતિ ચિંતા ઉપજાવી રહી છે. વરસાદમાં વિલંબના લીધે પણ ગુણવત્તાની સાથે સાથે સિંચાઈના જથ્થા ઉપર અસર થઈ શકે છે. ખેડૂતોનું કહેવું છે કે, મગફળીના પાક માટે પાણી ખુબ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં વાવણીના ૪૫ દિવસ સુધી સારો વરસાદ જરૂરી રહે છે. અપુરતો વરસાદ રહેશે તો કુલ વાવણીને અસર થઈ શકે છે. આવી જ રીતે કપાસના કેસમાં પણ અસર થઈ શકે છે. મોટાભાગના ખેડૂતો આવો જ અભિપ્રાય આપી રહ્યા છે.

## ગુજરાતમાં વરસાદ

ગાંધીનગર - અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં પાણીની તીવ્ર અછત પહેલાથી જ પ્રવર્તી રહી છે ત્યારે ભારતીય હવામાન વિભાગ દ્વારા મોનસુનને લઈને કરવામાં આવેલી આગાહીથી ચિંતા વધી ગઈ છે. ભારતીય હવામાન વિભાગનું કહેવું છે કે, આ વર્ષે નોર્મલ મોનસુન વરસાદ રહેશે નહીં. વરસાદ પ્રમાણમાં ઓછો રહેશે. નિયર નોર્મલ માટેની આઈએમડીની આગાહીથી ચિંતા વધી ગઈ છે. ગુજરાતમાં વરસાદની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૭માં સરેરાશ ૧૧૨.૧૮ ટકા વરસાદ હતો. વરસાદનું ચિત્ર નીચે મુજબ છે.

| વર્ષ | વરસાદ (મીમીમાં) | સરેરાશ વરસાદ (ટકામાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ૬૫૦.૧૭ | ૮૧.૫૭ |
| ૨૦૧૬ | ૭૨૬.૭ | ૯૧.૧૭ |
| ૨૦૧૭ | ૯૦૮.૬૯ | ૧૧૨.૧૮ |
| ૨૦૧૮ | ૬૩૭.૬૫ | ૭૬.૭૩ |

# સમાજમાં જાગૃત્તિ જગાવવા માટે અનોખી દાંડીયાત્રા યોજાઈ

### દાંડીથી સાબરમતી આશ્રમ સુધી ૩૯૦ કિમીની દાંડીયાત્રા કરી રમેશ દોશીએ સમાજને વિશેષ પ્રેરણા પૂરી પાડી છે

વિશ્વશાંતિના ઉકેલ અને સમાજને જાગૃત કરવાના ઉમદા આશયથી એકલવીર સ્વયં દીક્ષિત જૈન સાધક શ્રીમદ રાજચંદ્ર ગાંધીપ્રેમી વયોવૃદ્ધ રમેશભાઈ દોશી દ્વારા અનોખી રીતે દાંડીયાત્રાની પહેલ અને સમાપન સંદેશો આપતાં શ્રી રમેશભાઈ દોશીએ જણાવ્યું કે, વિશ્વશાંતિ માટે અને તમામ સમસ્યાઓના ઉકેલ માટે ગાંધીમૂલ્યો અને ગાંધીજીના પ્રયોગો જ આદર્શ છે. આ તમામ ગુણોને જીવનમાં ઉતારવાથી તમામ નવસારી જિલ્લાના દાંડી ગામ સુધી આશરે ૩૯૦ કિલોમીટર લાંબી દાંડીકૂચ દ્વારા બ્રિટીશ સરકારના પાયા હચમચાવી દીધા હતા. ગરીબ-તવંગર સહુને માટે આવશ્યક એવા મીઠા પરના કરના વિરોધને નિમિત્ત બનાવી મહાત્મા




કરવામાં આવ્યું છે. સાંપ્રત સમયે પણ મહાત્મા ગાંધીજીના પગલે દાંડીકૂચની જાત અનુભૂતિ કરી શકાય તેવી પ્રવાસન અને આધુનિક સુવિધા સાથે ઐતિહાસિક દાંડીપથને ગુજરાત ટુરિઝમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્યરીતે સાબરમતીથી દાંડીની યાત્રા હોય છે, પરંતુ જૈન સાધક શ્રીમદ્ રાજચંદ્રના શિષ્ય અને ગાંધીપ્રેમી રમેશભાઈને સ્વયં સ્ફુર્ણા થતાં નવસારી પાસેથી પોતાના વિહાર દરમિયાન તેમણે અચાનક જ દાંડીયાત્રા કરવાનું નક્કી કર્યું અને દાંડીથી સાબરમતી આશ્રમ સુધી ૩૯૦ કિલોમીટરની દાંડીયાત્રા કરી તેમણે સમાજને અનોખી પ્રેરણા પૂરી પાડી છે. યાત્રાનું સમાપન કર્યા બાદ મહત્વનો સમસ્યાઓમાંથી ઉકેલ મળી શકે છે. તાજેતરમાં જ તા. ૨૧-૦૪-૨૦૧૯ થી દાંડીથી સાબરમતીની પદયાત્રા કરનાર એકલવીર સ્વયં દીક્ષિત જૈન સાધક શ્રીમદ રાજચંદ્ર ના શિષ્ય અને ગાંધીપ્રેમી શ્રી રમેશભાઈ દોશી (ઉ.વ. ૭૦)કે જેઓ ચીંચણી જી. પાલઘર મહારાષ્ટ્ર થી વિહાર કરતા ભાવનગર જતા હતા ત્યાં નવસારી પહેલા પ્રેરણા થઈ કે પહેલા, દાંડી યાત્રા કરો અને બસ તેમણે બીજા જ દિવસથી દાંડીયાત્રાની શરૂઆત કરી હતી. ભારત અને વિશ્વના સ્વાતંત્ર્ય - સંગ્રામ ના ઈતિહાસમાં દાંડી કૂચ એ અનન્ય અને શિરમોર ઘટના ગણાય છે. સને ૧૯૩૦માં મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ ૮૦ સત્યાગ્રહી સૈનિકોએ સાબરમતી આશ્રમ અમદાવાદથી ગાંધીજીએ દાંડીકૂચ કરી અને દરિયાકિનારે ચપટી મીઠું ઉપાડી ભારત દેશની આઝાદીના દ્વાર ખોલી નાખ્યા હતા. ગાંધીપ્રેમી રમેશભાઈ દોશીએ વધુમાં ઉમેર્યું કે, ગાંધીજીનું સમગ્ર જીવન આપણને સૌને અને વિશ્વને એક નવી રાહ અને દિશા ચીંધે છે. સ્વચ્છતાના સંદેશની સૌથી પ્રથમ પહેલ ગાંધીજીએ જ કરી હતી. તેમના દરેક સત્યના પ્રયોગ સફળ અને અદ્ભુત રહ્યા છે તેનું કારણ જ એ છે કે, તે શાશ્વત અને સત્ય તત્વથી યુકત હતા. ગાંધીજીની આદર્શો અને મૂલ્યોને પ્રજાએ પણ જીવનમાં સાચા અર્થમાં ઉતારવા જોઈએ અને સરકાર પાસે કોઈપણ બાબતની અપેક્ષા રાખનાર પ્રજાએ જાતે જાગૃત બની પોતાની ફરજ પરત્વે ધ્યાન આપવું જોઈએ.

# ગેરકાયદે ડ્રોન કેમેરા ઈમ્પોર્ટ કરવાના કૌભાંડનો પર્દાફાશ

### અમદાવાદ ડીઆરઆઇનો સપાટો : પાક અને મ્યાનમારમાંથી ગેરકાયદે ડ્રોન ઈમ્પોર્ટ કરાતા હતા : ૮૬ ચાઈનીઝ ડ્રોન સહિત કરોડનો મુદ્દામાલ કબ્જે

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ ડીઆરઆઈ(ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ) દ્વારા શહેરમાં ગેરકાયદેસર ચાઈનીઝ ડ્રોન કેમેરા ઈમ્પોર્ટ કરવાના કૌભાંડનો પર્દાફાશ કરતાં ભારે ચકચાર મચી ગઈ છે.

અમદાવાદ ડીઆરઆઈના અધિકારીઓએ સમગ્ર કૌભાંડ મામલે તપાસનો જોરદાર સપાટો બોલાવી અમદાવાદના વેપારીની ધરપકડ કરી હતી. ડીઆરઆઈની આગળની તપાસમાં સમગ્ર કૌભાંડમાં વધુ ચોંકાવનારી માહિતી સામે આવે તેવી પણ શકયતા છે. ડીઆરઆઈની પ્રાથમિક તપાસમાં એવી ચોંકાવનારી માહિતી પણ સામે આવી હતી કે, પાકિસ્તાન અને મ્યાનમારથી ગેરકાયદેસર રીતે આ ચાઈનીઝ ડ્રોન ભારત ઈમ્પોર્ટ કરાતા હતા. હવે ડીઆરઆઈએ એ મુદ્દે તપાસ આરંભી છે કે, ખાસ કરીને અમદાવાદમાં ગેરકાયદે રીતે ઈમ્પોર્ટ કરાતાં આ ચાઈનીઝ ડ્રોન કયા હેતુસર અને કઈ કઈ જગ્યાએ સપ્લાય કરવામાં આવતા હતા અને કેટલા સમયથી આ સમગ્ર કૌભાંડ ચાલતુ હતુ અને અત્યારસુધીમાં આવા કેટલા ચાઈનીઝ ડ્રોન કોને કોને અપાયા.



અમદાવાદ ડીઆરઆઈ (ડાયરેક્ટોરેટઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ)ને ગેરકાયદે રીતે ચાઈનીઝ ડ્રોન ઈમ્પોર્ટ થઈ રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે ડીઆરઆઈ, અમદાવાદની ટીમે અમદાવાદના એક વેપારીને ધરદબોચી લીધો હતો અને તેની પાસેથી સમગ્ર કૌભાંડની જાણકારી મેળવી પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ અંદાજે કરોડ રૂપિયાની કિંમતના ગેરકાયદે રીતે ઈમ્પોર્ટ કરાતા ૮૬ ડ્રોન કેમેરા કબ્જે કર્યા હતા. ડીઆરઆઈએ સમગ્ર મામલે આગળની તપાસ હાથ ધરી છે.